ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિ
"રાજીવ ગાંધી ભવન", એલિસબ્રિજ, અમદાવાદ-૩૮૦ ૦૦૬.
ફોન : (૦૭૯) ૨૬૫૭૮૨૧૨,૨૬૫૭૮૨૧૩ ફેક્સ : (૦૭૯) ૨૬૫૭૯૫૮૯
website : www.gujratcongress.org• E-mail: gpcc1234@gmail.com

---

અખબારી યાદી તા. 24-03-2022

**ગુજરાત હોય કે દિલ્હી શિક્ષણ સેવામા વાહ વાહી લુટતા ભાજપા–આપની શિક્ષણ કાર્ય પદ્ધતિ શિક્ષણની અધોગતિ વધારનારી – મનહર પટેલ**

આવ ભાઈ હરખા, આપણે બન્ને સરખા....

શિક્ષણ બાબતે ભાજપાએ ગુજરાતનુ સત્યાનાશ કર્યું અને "આપ" ના શાસનમા કેજરીવાલ સરકારે ખુબ સારુ કાર્ય કર્યુ એવા ઢોલ આખા દેશમા ટિપ્યા પરંતુ ૧૩.૧૦.૨૦૨૧ ના રોજ RTI ની માહિતી દિલ્હીની "આપ" ની સરકારે શિક્ષણ બાબતે જે ઢોલ ટીપ્યા તેનો પર્દાફાસ કરે છે..

" કોંગ્રેસ" ની સરકારમા CBSC શાળાઓનુ પરિણામ…

૨૦૧૧ - ૯૯.૦૯ %

૨૦૧૨ - ૯૯.૨૩ %

૨૦૧૩ - ૯૯.૮૧ %

૨૦૧૪ - ૯૯.૮૧ %

" આપ " ની કેજરીવાલની સરકારનુ પરિણામ…

૨૦૧૫ - ૯૫.૮૧ %

૨૦૧૬ - ૮૯.૨૫ %

૨૦૧૭ - ૯૨.૪૪ %

૨૦૧૮ - ૬૮.૯૦ %

૨૦૧૯ - ૯૧.૫૮ %

૨૦૨૦ - ૮૨.૬૧ %

કોંગ્રેસના કાર્યકાળમા કેટલી શાળાઓ ૧૦૦ % પરિણામ આપતી સંખ્યાની વિગત જોઈએ.

૨૦૧૧ - ૩૨૬ શાળાઓ

૨૦૧૨ - ૪૦૦ શાળાઓ

૨૦૧૩ - ૫૯૭ શાળાઓ

૨૦૧૪ - ૪૧૮ શાળાઓ

આપ" ની સરકારના કાર્યકાળમા..

૨૦૧૫ - ૨૭૧ શાળાઓ

૨૦૧૬ - ૨૮૯ શાળાઓ

૨૦૧૭ - ૨૮૨ શાળાઓ
૨૦૧૮ - ૪૮   શાળાઓ અને તેમા પણ ૧૫૭ શાળાઓમા ૫૦ % થી ઓછુ પરિણામ..
૨૦૧૯ - ૧૪૭  શાળાઓમા અને ૭૩ શાળાઓમા ૫૦ % કરતા ઓછુ પરિણામ...

૨૦૧૫ પહેલા CBSC ના વિદ્યાર્થીની સંખ્યા ૧,૮૦,૦૦૦ થી ૨,૨૮,૦૦૦ રહેતી હતી તે કેજરીવાલની સરકાર આવતા આ સંખ્યા ધીરે ધીરે ઘટીને ૧,૩૬,૦૦૦ થી ૧,૫૩,૦૦૦ જોવા મળી.

કેજરીવાલ સરકારમા જે વિદ્યાર્થીઓ ૮૦ % પરિણામ લાવે તેને ૨૫૦૦ રુપિયા શિષ્યવૃતિ આપવાની જાહેરાત કરી હતી, આવા ૮૦,૦૦૦ લાયક વિદ્યાથીઓને શિષ્યવૃતિ ન આપી...

“આપ” ના ચુંટણી ઢંઢેરામા પોઈન્ટ નંબર -૧૯ મા ૫૦૦ સરકારી શાળાઓ બનાવવાનો વાયદો હતો, પરંતુ ૫૦ શાળા પણ નથી બની શકી. એવી રીતે પોઈન્ટ નંબર - ૨૧ મા ૨૦ કોલેજ બનાવવાનો વાયદો હતો એમાથી એક પણ બની નથી.

એટલે સતા મેળવવાની  ભાજપાની પધ્ધતિથી અખત્યાર કરીને તે દિશા ઉપર દોટ મુકીને જનતાને જુઠા વચનોની લાણી કરી અને કોંગ્રેસના પાયા પડેલા જનસેવા કાર્યોના પરિણામને ભુલવી તેની નિંદા કરીને સતાને મેળવનારાઓને સત્યનો સામનો કરવો જ પડશે..

આજે ભાજપા - આપ બન્ને પોતાના શિક્ષણના મોડલને ચડીયાતા દેખાડવાની હોડ લાગી છે, બન્ને પક્ષના મોભીઓ  કોંગ્રેસની ધરોહરે ઉભી કરેલી વ્યવસ્થા અને ઈમારતોને ક્ષણિક ભુલીને શિક્ષણની કલ્પના કરશો એટલે આપની સરકારોએ કરેલી અસલ ઉપલબ્ધીઓ સામે આવે તેનાથી તમારી હોંશ ઠેકાણે આવી જશે. કાઈ પણ કર્યા વગરની વાહ વાહી લુટવી ખુબ સહેલી છે લુટો અને જનતાને ગુમરાહ કરતા રહો પરંતુ એનો પણ એક સમય હોય છે ત્યા સુધી...જનતા જાણે છે કે શિક્ષણનો વ્યાપ વધારવાનુ કાર્ય આ દેશના ખુણે ખુણે કોણે કર્યુ .... એટલે આ બન્ને પક્ષ સાથે કોંગ્રેસ પક્ષે દેશમા તમામ રાજ્યોમા કરેલ શિક્ષણ સેવાની વિરાસતને લઈને ચર્ચા કરવા તૈયાર છીએ...

મનહર પટેલ
પ્રવકતા,ગુજરાત કોંગ્રેસ
E mail : inc.manharpatel@gmail.com